પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ મુનિપ્રવર

# શ્રી મોહનલાલજી મહારાજ સાહેબ

તથા

તેઓશ્રીના સમુદાયવર્તી પૂજ્ય આચાર્યદેવો

## પૂ. આ. શ્રી નિપુણપ્રભસૂરીશ્વરજી મહારાજ

## પૂ. આ. શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ

## પૂ. આ. શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મહારાજ

સૈકા પૂર્વે સૌ પ્રથમ મુંબઈમાં પ્રવેશ કરનારા સંવેગી મુનિ અને અભૂતપૂર્વ શાસનપ્રભાવના પ્રવર્તાવનારા

## પૂજ્યપાદ મુનિપ્રવર શ્રી મોહનલાલજી મહારાજ

પૂજ્યપાદ મુનિપ્રવર શ્રી મોહનલાલજી મહારાજ એક વિદ્વાન હોવા ઉપરાંત સાચા અર્થમાં કર્મયોગી હતા. ઉત્તર પ્રદેશમાં જન્મ્યા હોવા છતાં એમણે ગુજરાતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. ગુજરાતમાં પણ ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને મુંબઈને એમનો વિશેષ લાભ મળ્યો. સુરત, નવસારી, પાલીતાણા, ઓસિયાજી અને મુંબઈમાં એમણે જૂનાં જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો તથા નવાં મંદિરોની સ્થાપના માટે પ્રેરણા આપી. અનેક અલભ્ય પુસ્તકો એકઠાં કરી સુરતમાં જ્ઞાનભંડારની સ્થાપના કરી. ઘણાં શુભ કાર્યોનાં પ્રેરણામૂર્તિ બની રહ્યા. જૈનસમાજને માટે ઉપયોગી એવી ધર્મશાળા, ભોજનશાળા, ઉપાશ્રય, પુસ્તકાલય વગેરે સંસ્થાઓ સ્થાપવામાં એમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો.

ઉત્તર પ્રદેશમાં મથુરાથી ૬૦ કિ. મી. દૂર ચાંદપુર નામના ગામમાં સં. ૧૮૮૭ (ઈ. સ. ૧૮૩૧)ના વૈશાખ સુદ ૬ને ગુરુવારે પૂજ્યશ્રીનો જન્મ થયો હતો. એમનું સંસારી નામ મોહન, પિતાનું નામ બાદરમલ અને માતાનું નામ સુંદરી હતું. તેઓશ્રી ધનાઢ્ય બ્રાહ્મણ-

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કુળમાં જન્મ્યા હોવા છતાં જૈનધર્મના પ્રખર પ્રચારક બન્યા એ બાબત નોંધપાત્ર છે. મોહનની નવ ઉંમરે માતાપિતા એમને લઈને જોધપુર રાજ્યના નાગોર શહેરમાં આવ્યાં. નાગોર ભૂતકાળમાં નાગપુર તરીકે ઓળખાતું હતું. નાગોરમાં જૈનોની વસ્તી સારા પ્રમાણમાં હતી. એમાં રૂપચંદજી નામના જૈન યતિ ઘણા પ્રસિદ્ધ હતા. શ્રી રૂપચંદજીએ ખરતરગચ્છના આચાર્યશ્રી જિનહર્ષસૂરિજી પાસે યતિદીક્ષા લીધી. ખરતરગચ્છમાં સં. ૧૭૭૦ (ઈ. સ. ૧૭૧૪)થી યતિપરંપરા શરૂ થઈ હતી. બાદરમલ અને સુંદરીએ યતિ રૂપચંદજીને ધાર્મિક સંસ્કાર અને તાલીમ માટે એમનો પુત્ર અર્પણ કર્યો. મોહને હિન્દી ભાષાનું જ્ઞાન અને પ્રાથમિક શિક્ષણ પોતાના વતન ચાંદપુરમાં મેળવ્યું હતું. ઇતિહાસ, ભૂગોળ અને ગણિતનો થોડો અભ્યાસ પણ કર્યો હતો. રૂપચંદજીએ એમને ધાર્મિક અને આધ્યાત્મિક જ્ઞાન આપ્યું. અલ્પ સમયમાં મોહને પ્રતિક્રમણનાં સૂત્રો, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ વગેરે કંઠસ્થ કરી લીધાં. 'તત્ત્વાર્થસૂત્ર'નો અભ્યાસ કર્યો. રૂપચંદજીએ એમને વ્યાકરણ, કાવ્ય, જ્યોતિષ, સામુદ્રિકશાસ્ત્ર તથા સ્વરોદયશાસ્ત્ર શીખવ્યાં. નાની ઉંમરે મોહને આ બધું જ્ઞાન આત્મસાત્ કર્યું. અભ્યાસ પૂર્ણ કર્યા પછી રૂપચંદજી મોહનને લઈને મુંબઈ ગયા. એમણે મુંબઈથી મોહનને ખરતરગચ્છના આચાર્ય મહેન્દ્રસૂરિ પાસે ઇન્દોર મોકલ્યો. ઇન્દોરની નજીક મક્ષીતીર્થમાં સં. ૧૯૦૩ (ઇ. સ. ૧૮૪૭)માં આચાર્ય મહેન્દ્રસૂરિએ મોહનને યતિદીક્ષા આપી અને મોહન હવે યતિ શ્રી મોહનલાલજી બન્યા. એ વખતે એમની વય માત્ર સોળ વર્ષની હતી.

થોડો સમય યતિ શ્રી મોહનલાલજી આચાર્ય મહેન્દ્રસૂરિ પાસે રહ્યા. એ પછી એમને મુંબઈ એમના ગુરુ રૂપચંદજી પાસે મોકલવામાં આવ્યા. રૂપચંદજી એમને લઈને ગ્વાલિયર ગયા. ગ્વાલિયરમાં રૂપચંદજીનો અચાનક સ્વર્ગવાસ થયો. એ પછી ચાર વર્ષે આચાર્ય મહેન્દ્રસૂરિ પણ નિર્વાણ પામ્યા. બંને ગુરુએ વિદાય લેતાં સં. ૧૯૧૪ પછીનો સમય યતિ મોહનલાલજી માટે મુશ્કેલીનો બન્યો. સં. ૧૯૧૬ (ઈ. સ. ૧૮૬૦)માં બાબુ છુટ્ટનજીએ સિદ્ધાચલજીનો સંઘ કાઢ્યો, જેમાં મોહનલાલજી પણ સામેલ થયા. આ રીતે એમણે સિદ્ધાચલજીની પ્રથમ યાત્રા કરી, જેનો પ્રભાવ એમના મન અને જીવન પર અમીટ પડ્યો. સિદ્ધાચલજીની યાત્રા પછી એમણે લગભગ બાર વર્ષ સુધી ઉત્તર પ્રદેશના લખનૌ શહેર અને એની આસપાસના પ્રદેશોમાં વિહાર કર્યો. ત્યાંથી તેઓશ્રી કલકત્તા ગયા. ત્યાં તેમને યતિમાંથી સાધુ બનવાની પ્રેરણા મળી. પોતાની બધી મિલકત ધર્મને અર્પણ કરી. ત્યાંથી તેઓ અજમેર ગયા અને ત્યાં સં. ૧૯૩૦ (ઈ. સ. ૧૮૭૪)માં સંઘ સમક્ષ યતિમાંથી સંવેગી સાધુ–શ્રમણ બન્યા. શ્રી સુખસાગરજી મહારાજ પાસે એમણે યોગોદ્વહન કરી વાસક્ષેપ લીધો અને એમના શિષ્ય બન્યા. ખરતરગચ્છની સંવેગી પરંપરામાં તેઓ તેજસ્વી સાધુ તરીકે પ્રસિદ્ધ થયા.

સં. ૧૯૩૨નું ચોમાસું સિરોહીમાં કર્યું. ત્યારે ત્યાંના રાજવી શ્રી કેસરીસિંહજીએ એમના ઉપદેશથી પોતાના રાજ્યમાં દર વર્ષે શ્રાવણ વદ ૧૧ થી ભાદરવા સુદ ૧૧ સુધીના ૧૫ દિવસ દરમિયાન પ્રાણીઓની હિંસા અને કતલ ઉપર પ્રતિબંધ મૂક્યો. એ ઉપરાંત, એમની પ્રેરણાથી સિરોહીનરેશે રોહીડા ગામમાં જૈનમંદિર બનાવવાની પરવાનગી આપી. બ્રાહ્મણવાડાના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જૈનમંદિરનો વહીવટ બ્રાહ્મણો પાસેથી લઈને જૈનોને સોંપ્યો. તેઓશ્રી જ્યાં જ્યાં વિહાર કરતા ત્યાં ત્યાં લોકપ્રિય બનતા હતા. સિરોહી પછી એમણે પાલી, સાદડી, જોધપુર, અજમેર વગેરેમાં ચોમાસાં કર્યાં. જોધપુરના દીવાન અમલચંદજી એમની પાસે દીક્ષા લઈને મુનિ આણંદચંદ્રજી બન્યા. આ એમના પ્રથમ શિષ્ય. જોધપુરના વતની એવા જેઠમલજી પણ એમના બીજા શિષ્ય બન્યા. સં. ૧૯૩૯નું ચોમાસું ઓસવાલોના મૂળ વતન ઓસિયા તીર્થમાં કર્યું. ચોમાસા દરમિયાન એમના ઉપદેશથી ઓસિયાના દેરાસરનો જીર્ણોદ્ધાર થયો. સં. ૧૯૪૦નું ચોમાસું પૂરું કરીને તેઓશ્રી ઉત્તર ગુજરાતના પાટણ શહેરમાં આવ્યા. સં. ૧૯૪૧નું ચોમાસું પાટણ કર્યું. તે વખતે શ્રીસંઘની વિનંતીથી તપાગચ્છની ધર્મક્રિયાઓનું આચરણ કરવા લાગ્યા. પણ બન્ને ગચ્છોની અંદર રહેલા શિષ્યસમુદાય તરફ સમાન દૃષ્ટિ રાખી શાસનની આણ વધારી. ગચ્છભેદ કે મતભેદ એમની પાસે હતા જ નહીં. જો કે તેમને ન સમજનાર કેટલાક જૈન ભાઈઓએ વિરોધ કર્યો હતો. હકીકતે ગુજરાતમાં તપાગચ્છનું પ્રાબલ્ય વધારે હતું. તેથી આ પરિવર્તનને લીધે સુરત અને મુંબઈમાં ઘણું પ્રશસ્ય કાર્ય કરી શકયા.

સં. ૧૯૪૪માં હર્ષમુનિ એમના શિષ્ય બન્યા. સં. ૧૯૪૫નું ચોમાસું પાલીતાણા કર્યું. સુરતના શ્રીસંઘની વિનંતીથી સં. ૧૯૪૬નું ચોમાસું સુરતમાં કર્યું. સુરત જૈન સંઘને એમના નામનું સૂચન કરનાર પ્રસિદ્ધ મુનિ આત્મારામજી હતા. સુરતમાં મહેસાણાવાળા ઊજમશીભાઈ અને મહીદપુરના રાજમલજીભાઈએ એમની પાસે દીક્ષા લીધી. એમના શિષ્યોની સંખ્યા વધીને સાતની થઈ. સુરતનું ચોમાસું પૂરું થયા પછી મુંબઈના શ્રેષ્ઠિઓ બાબુ પન્નાલાલ પૂરણચંદ, નવલચંદ ઉદેચંદ, નગીનદાસ કપૂરચંદ, પાનાચંદ તારાચંદ વગેરે એમને વંદન કરવા સુરત આવ્યા અને સં. ૧૯૪૭નું ચોમાસું મુંબઈમાં કરવા આગ્રહભરી વિનંતી કરી. હજી સુધી કોઈ જૈન સાધુએ મુંબઈમાં પ્રવેશ કર્યો ન હતો. તેઓ મુંબઈને વિલાસી નગરી સમજતા હતા અને જે સાધુ મુંબઈ જાય તે ભ્રષ્ટ થયા વગર ન રહે એવી માન્યતા હતી. 'મૂકી તાપી તો થયા પાપી' (એટલે કે સુરતથી આગળ જવામાં પાપ છે.) એવી માન્યતા પ્રચલિત હતી. તો બીજી બાજુ મુંબઈમાં વસતા જૈન ભાઈઓ માટે સાધુમહારાજોનાં દર્શન–સમાગમ વગર ધર્મભાવના ટકાવવી મુશ્કેલ હતી. પગલે પગલે જ્યાં પડવાનો ભય હોય ત્યાં સચેત બનાવનારા સંત–મહાત્માની જરૂર સૌથી વધુ રહે. પોતાનું આ કર્તવ્ય સમજી પૂ. મુનિશ્રી મોહનલાલજીએ મુંબઈનું આમંત્રણ સ્વીકારી લીધું. મુંબઈ જવા માટે વચ્ચેની દરિયાઈ ખાડીઓ પસાર કરવા રેલવેના પુલનો ઉપયોગ કરવો પડે તેમ હતું. મુંબઈના સંઘે એ માટે પત્રવ્યવહાર કરી ખાસ પરવાનગી મેળવી. આમ, પૂ. મોહનલાલજી મહારાજે અનેક મુશ્કેલીઓ વેઠી મુંબઈમાં પ્રવેશ કર્યો. મુંબઈ જતાં રસ્તામાં નવસારીના જીર્ણ દેરાસરનો ઉદ્ધાર કરવા ત્યાંના સંઘને પ્રેરણા આપી. મુંબઈમાં પૂજ્ય મહારાજશ્રીનું ભવ્ય સામૈયું થયું. સં. ૧૯૪૭નો ચૈત્ર સુદ ૬નો એ દિવસ મુંબઈ માટે એક અનેરો અને ઐતિહાસિક અવસર હતો. સામૈયામાં જૈનો ઉપરાંત પ્રતિષ્ઠિત હિન્દુઓ, અંગ્રેજ અધિકારીઓ, વકીલો, ન્યાયાધીશો, પારસીઓ, મુસ્લિમો વગેરે પણ જોડાયા હતા. પૂજ્ય મહારાજશ્રીની નિશ્રામાં લાલબાગના જૈન ઉપાશ્રયે સૌપ્રથમ ચોમાસા દરમિયાન ઘણી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આરાધનાઓ અને ઉજવણીઓ થઈ. બે વ્યક્તિએ એમની પાસે દીક્ષા લીધી. મુંબઈમાંના એ પ્રથમ દીક્ષામહોત્સવ હતા.

સં. ૧૯૪૮માં સુરતના ધનાઢ્ય શ્રેષ્ઠી ધરમચંદ ઉદયચંદ ઝવેરીએ સુરતથી સિદ્ધાચલજીનો પગપાળા સંઘ કાઢવાની અને એમાં પૂ. મહારાજશ્રીને સામેલ થવાની વિનંતી કરી. પૂજ્યશ્રીએ એનો સ્વીકાર કર્યો, અને તેઓશ્રી સુરત પધાર્યા. ત્યાં આવી વડાચૌટાના શ્રી સીમંધરસ્વામીના જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને કતારગામના દેરાસરનો જીર્ણોદ્ધાર શરૂ કરાવ્યો, જે સં. ૧૯૫૫માં પૂરો થયો. સં. ૧૯૪૯માં સુરતથી સિદ્ધાચલનો સંઘ નીકળ્યો. લગભગ સવા મહિને એ પાલીતાણા પહોંચ્યો. પાલીતાણાના ઠાકોર સાહેબ સંઘનું સામૈયું કરવા સામે આવ્યા. યાત્રા-સંઘની ખૂબ યાદગાર રીતે સમાપ્તિ થઈ. તે પછી સિદ્ધાચલની તળેટીમાં બંધાયેલ ધનવસહી ટૂંક (બાબુના દેરાસર)ના મૂળનાયક આદિનાથના બિંબની અંજનશલાકા વિધિ અને પ્રતિષ્ઠાવિધિ પણ પૂજ્યશ્રીના હસ્તે થઈ. પાલીતાણામાં એમના હસ્તે શ્રી ઋષિમુનિએ દીક્ષા ગ્રહણ કરી.


એ પછી તેઓશ્રી સુરત અને મુંબઈમાં ચોમાસાં કરતા રહ્યા. સુરતમાં કુલ છ ચોમાસાં કર્યાં. એ દરમિયાન શેઠ નેમચંદ મેળાપચંદનો ઉપાશ્રય, મોહનલાલજીનો ઉપાશ્રય, ગ્રંથભંડાર, જૈન ભોજનશાળા, જયકુંવર જૈન જ્ઞાનઉદ્યોગ શાળા વગેરે બંધાવ્યાં. સૂરજમંડન પાર્શ્વનાથ જિનાલયનો સં. ૧૯૫૬ (ઈ. સ. ૧૯૦૦)માં જીર્ણોદ્ધાર કરાવ્યો. સુરત એમની પ્રિય કર્મભૂમિ બની. મુંબઈમાં એમણે કુલ આઠ ચોમાસાં કર્યાં. એ દરમિયાન ત્યાં જૈનધર્મનો જયજયકાર થઈ રહ્યો. લાલબાગનું સમગ્ર જૈન સંકુલ (દેરાસર, ઉપાશ્રય, પુસ્તકાલય, ધર્મશાળા, ભોજનશાળા વગેરે) એમની પ્રેરણા અને પ્રયાસોથી વિકાસ પામ્યું. વાલકેશ્વરનું આદિનાથનું જૈનમંદિર એમની પ્રેરણાથી બંધાયું અને એની પ્રતિષ્ઠા પણ પૂજ્યશ્રીના હસ્તે થઈ.

અંતે, સં. ૧૯૬૩ (ઈ. સ. ૧૯૦૭)માં ચૈત્ર વદ ૧૨ને દિવસે સુરતમાં તેઓશ્રી કાળધર્મ પામ્યા. અશ્વિનીકુમારના સ્મશાનગૃહ પાસે તાપી નદીના કિનારે, જ્યાં એમના અગ્નિ-સંસ્કાર થયા ત્યાં એમનું સ્મારક રચવામાં આવ્યું છે. એમના જીવનની ઉત્તરાવસ્થામાં સુરત એમનું સ્થિરવાસ બની રહ્યું હતું. ત્યાં 'મોહનલાલજી ઉપાશ્રય' એ એમનું કાયમી જીવંત સ્મારક બની ગયું છે. વર્તમાનમાં એમના સમુદાયના ગચ્છાધિપતિ પૂ. શ્રી ચિદાનંદસૂરિજી તથા એમના શિષ્ય શ્રી કીર્તિસેનમુનિજી અવારનવાર ત્યાં રહીને ધર્મ અને જ્ઞાનના પ્રસાર–પ્રચારનું સ્તુત્ય કાર્ય કરે છે.

પૂ. મોહનલાલજી મહારાજનું સૌથી વધારે મહત્ત્વનું કાર્ય એમનો મુંબઈપ્રવેશ. એમણે સાહસ કરીને પ્રથમ વાર મુંબઈમાં પ્રવેશ કર્યો અને અન્ય જૈન મુનિઓ માટે મુંબઈનાં દ્વાર ખોલી આપ્યાં. મુંબઈ જેવા આંતરરાષ્ટ્રીય મહાનગરમાં પ્રવેશ કરનાર સૌ પ્રથમ જૈન મુનિ તરીકે તેઓશ્રી જૈનધર્મના ઇતિહાસમાં ચિરંજીવ સ્થાન ધરાવે છે. મુંબઈ તથા દક્ષિણ ગુજરાતમાં જૈનધર્મના પ્રચારક તરીકે પણ એમનું નોંધપાત્ર પ્રદાન છે. મુંબઈ, સુરત, પાલીતાણા વગેરે સ્થળોનાં દેરાસરોમાં એમની આરસની મૂર્તિઓ સ્થાપી એમની સ્મૃતિ કાયમી બનાવવામાં આવી છે. પૂજ્યશ્રીના જીવન વિશે પ્રકાશ પાથરતો એક સ્મૃતિગ્રંથ 'શ્રી મોહનલાલજી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ' પણ પ્રકાશિત થયેલ છે, જેના લેખક અને સંપાદક પૂ. મુનિશ્રી મૃગેન્દ્રમુનિજી મહારાજ છે, જેઓ પૂ. આ. શ્રી ચિદાનંદસૂરિજીના શિષ્ય અને શિશુ છે. ત્યાર બાદ, હમણાં જ, સં. ૨૦૪૭માં, પૂજ્ય મુનિપ્રવર શ્રી મોહનલાલજી મહારાજના મુંબઈપ્રવેશને ૧૦૦ વર્ષ પૂરાં થતાં તે નિમિત્તે, તા. ૧-૬-૯૧ થી તા. ૯-૬-૯૧ સુધી મુંબઈ, ભાયખલા મુકામે પૂજ્યપાદ મુનિપ્રવર શ્રી મોહનલાલજી મહારાજ વિહાર-શતાબ્દીનો ભવ્ય કાર્યક્રમ-મહોત્સવ ગચ્છાધિપતિ પૂ. આચાર્ય શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આચાર્ય શ્રી યશોભદ્રસૂરીશ્વરજી (ડહેલાવાળા) મહારાજ તથા વિશાળ મુનિમંડળની નિશ્રામાં-ઉપસ્થિતિમાં ઊજવાયો હતો. આ મહોત્સવમાં મુંબઈના સમસ્ત શ્રીસંઘો સામેલ થયા હતા. આ ઐતિહાસિક શતાબ્દી પ્રસંગની કાર્યવાહીમાં પૂ. મુનિશ્રી મુક્તિપ્રભમુનિજી મહારાજ, પૂ. મુનિશ્રી સુયશમુનિજી મહારાજ અને પૂ. મુનિશ્રી વિનીતપ્રભમુનિજી મહારાજે ભારે જહેમત ઉઠાવીને પ્રસંગને સફળતા



પૂ. મુનિશ્રી મુક્તિપ્રભમુનિજી મ.



પૂ. મુનિશ્રી સુયશમુનિજી મ.



પૂ. મુનિશ્રી વિનીતપ્રભમુનિજી મ.

અપાવી હતી. આ યાદગીરી પૂજ્યશ્રીના જીવનને યાવચ્ચંદ્રદિવાકરૌ અજર-અમર બનાવશે. ઉપરાંત, મુંબઈની ધર્મપ્રાણ જૈનજનતા પૂજ્યશ્રીના ઉપકારોની હંમેશ ઋણી રહેશે. એવા એ વિરલ વિભૂતિ સાધુવરને કોટિ કોટિ વંદના ! (સંકલન : પ્રા. ડૉ. મુગટલાલ પી. બાવીસી.)

## અનેક ગુણરૂપી પુષ્પોથી નંદનવન સમાન ઉગ્ર તપસ્વી
## શાસ્ત્રવિશારદ-બાલબ્રહ્મચારી
# પૂ. આચાર્યશ્રી નિપુણપ્રભસૂરીશ્વરજી મહારાજ

મેવાડના વસી ગામમાં સુશ્રાવક ખરતાજીને ત્યાં નવલમલજી તરીકે સં. ૧૯૬૦ના જેઠ સુદ ૧૪ના જન્મ લઈ, સુરત પાસે મરોલી ગામમાં તેમનાં ફોઈને ત્યાં પ્રાથમિક શિક્ષણ લીધું. ૧૬ વર્ષની યુવાન વયે સુરતના ધર્મનિષ્ઠ વ્રતધારી સુશ્રાવક શ્રીકૃષ્ણાજી જોધાજીને ત્યાં



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

રહેતાં ધર્મપ્રેરણા મેળવી વ્રત, પચ્ચક્ખાણ, સામાયિક, પૌષધમાં જોડાવા લાગ્યા. સં. ૧૯૮૦માં સુરત–ગોપીપુરામાં પં. શ્રી પદ્મમુનિજી મહારાજ પાસે ઉપધાન કર્યાં. ત્યાં દીક્ષાની ભાવના થઈ અને સં. ૧૯૮૪ના મહા વદ ૩ના શ્રી શત્રુંજયાવતાર–કતારગામ તીર્થમાં દીક્ષા થઈ. નામકરણ પૂ. પં. શ્રી કનકમુનિ ગણિના શિષ્ય શ્રી નિપુણમુનિજી મહારાજ થયું.

ત્યાર બાદ, પૂ. શ્રી મોહનલાલજી મહારાજના શિષ્ય પૂ. શ્રી દેવમુનિજી મહારાજ પાસે વૈયાવચ્ચ–ભક્તિ કરતાં આગમસૂત્રોનું વાચન કર્યું. પૂ. પં. શ્રી કીર્તિમુનિજી મહારાજ તથા પૂ. પં. શ્રી હીરમુનિજી મહારાજ તથા પૂ. આ. શ્રી અમૃતસૂરિજી મહારાજ પાસે યોગોદ્વહન કર્યાં. સં. ૨૦૧૨માં સુરત વડા ચૌટામાં પૂ. આ. શ્રી સમુદ્રસૂરિજી પાસે પંન્યાસપદવી થઈ. સં. ૨૦૧૮માં મુંબઈ–લાલબાગ ચોમાસું કરી પૂ. શ્રી મોહનલાલજી સ્મૃતિગ્રંથ પ્રગટ કરાવ્યો. સં. ૨૦૨૩ના ચૈત્ર વદ ૭ને તા. ૩૦–૩–૧૯૬૭માં પૂ. આ. શ્રી વિજયઉદયસૂરિજી મહારાજ આદિ પાંચ આચાર્યોની નિશ્રામાં આચાર્યપદવી થઈ, અને સમેતશિખરજીના તથા કલકત્તાથી પાલીતાણાના સંઘમાં પધાર્યા. વિહારમાં પણ શ્રી વર્ધમાનતપની ઓળીઓ ચાલુ રાખી ૧૧૦ ઓળી સુધી પહોંચ્યા. અંતિમ પણ ચોવિહાર ચાર ઉપવાસ કરી સં. ૨૦૩૯ના ફાગણ વદ બીજ ને બુધવાર તા. ૩૦–૩–૮૩માં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. શ્રી વર્ધમાનતપના આરાધક, ઉગ્રવિહારી, તપસ્વી સૂરિદેવને કોટિશઃ વંદના !

( સંકલન : પૂ. શ્રી ચિદાનંદસૂરિજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી કીર્તિસેનમુનિજી મહારાજ )

### સમતા, સમભાવ અને સમકિતભાવને સ્વજીવનમાં મૂર્તિમંત બનાવનારા

## પૂ. આચાર્યશ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ

જૈનધર્મ એટલે તપ–ત્યાગનો માર્ગ; અર્થાત્ સુખના ત્યાગનો અને દુઃખના સ્વીકારનો માર્ગ. માર્ગ સાચો છે, પણ સરળ નથી; કઠિન છે. એ કઠિન માર્ગનો ઉપાય છે સમતા. પરંતુ એ તો એનાથી યે વધુ કઠિન–દુષ્કર છે. દુષ્કર છે, પણ એ જ સાચો માર્ગ છે. અને એને કોઈ વિરલા જ સાર્થક કરી જાણે છે. આવા વિરલ આત્મામાં એક છે, પૂ. આચાર્યશ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ. કુટુંબીજનોના અઢાર સભ્યોમાંથી સત્તર સભ્યો માત્ર દોઢ વર્ષના સમયગાળામાં સ્વર્ગવાસ પામ્યા. જાણે આઘાત ઉપર આઘાતની પરંપરા ચાલી. ત્યારે તેમની ઉંમર ૨૩ વર્ષની હતી. એ અસહ્ય આઘાતો વચ્ચે પણ સમતાભાવ ટકાવી રાખ્યો; એમાંથી દિવ્ય એવો સમકિત-ભાવ–વૈરાગ્યભાવનો પ્રાદુર્ભાવ થયો. મધ્ય પ્રદેશના માલવાનું રૂણીજા ગામ તેઓશ્રીની જન્મભૂમિ. સં. ૧૯૬૯ના મહા સુદ ૫ને દિવસે જન્મ થયો. પિતાનું નામ કેશરીમલજી, માતાનું નામ સુંદરીબાઈ અને તેમનું સંસારીનામ વસંતીલાલજી. પિતાજી પ્રતાપગઢ સ્ટેટના દીવાન હતા. સુખસાહ્યબી અને સંસ્કાર–સિંચન સાથે વસંતીલાલજીનો ઉછેર થયો. કુમાર અવસ્થા અને યુવા અવસ્થાના પ્રારંભ સુધી કુટુંબના વિશાળ વડલાની છાયા નીચે સુખચેનમાં મહાલતા રહ્યા; દુઃખનો

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org